# સ્વયંભૂ જનતા કરફ્યુ ... સલામ ગાંધીનગર

ગાંધીનગર, તા.૨૨

કોરોના વાયરસને નાથવા અને તેને અટકાવવા માટે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનતા કરફ્યુ




કરવાની અપીલ કરી હતી. આજે ગાંધીનગર શહેર સહિત સમગ્ર જિલ્લામાં સ્વયંમૂ જનતા કરફ્યુને લોકોએ પ્રતિસાદ આપ્યો હતો.




સમગ્ર દેશમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોના વાયરસને ફેલતો અટકાવવા માટે એક દિવસીય જનતા કરફયુ રાખવાનો ઉમદા વિચાર આપ્યો હતો. જેની ફલશ્રૃતિ રૂપે અને લોક જાગૃતિ ના કારણે આજે સમગ્ર ગાંધીનગર શહેર સહિત જિલ્લાના વિવિધ વિસ્તારમાં જનતા કરફયુને સહયોગ આપવા માટે જિલ્લા વાસીઓ સ્વયંમૂ આગળ આવ્યા હતા.

આજે ગાંધીનગરમાં સવારના ૬ કલાક સુધીમાં જ રોજિંદા કામ જેવા કે દૂધ વિતરણ અને અખબારના વિતરણની કામગીરી સવારના ૬.૩૦ કલાક સુધી પૂર્ણ થઈ ગઈ હતી.




આ વ્યવસાય સાથે જોડાયેલા લોકોએ જ જનતા કરફ્યુને સહયોગ આપવાની અપીલ કરતા હોય તેમ વહેલી સવારે જ કામ પૂર્ણ કરી ઘરે જતા રહ્યા હતા. તેમજ ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં સવારના ૪.૦૦ કલાકથી કાર્યરત થતી ચા- પાના – મસાલાના ગલ્લાઓ પણ સવારથી જ ખુલ્લા થયા ન હતા. દિવસ ઉગતો જતો હતો, તેમ લોકો પણ પોતે



જનતા કરફ્યુનું સ્વયંમ પાલન કરવા માંગતા હોય તેમ કસરત કે ચાલવા જવાનું ટાળી દઈ પોતાના પરિવાર સાથે સવારની ચા-પાણી કરવાનું પસંદ કર્યું હતું.

સામાન્ય રીતે નગરમાં સવારના ૯.૦૦ કલાકે ચાલુ થતાં ધંધા- રોજગારના શટર ખુલ્યા ન હતા. સમગ્ર ગાંધીનગના હાર્દસમા માર્ગ જેવા કે ઘ, ચ, ક, ખ, જ માર્ગ પર



સવારના ૧૧.૦૦ કલાકની આસપાસનો માહોલ જાણે બપોરના ૨.૦૦ કલાક થયા હોય તેવો લાગતો હતો. સવારથી લોકોના ઘરમાં ટી.વી. અને સોશિયલ મીડિયાના માધ્યમથી



ખબરો આવતાં લોકોને મનોમન પોતે આપેલ સહકાર સાચો છે, તેવો આત્મ ગૌરવ પણ થતો હતો. ગાંધીનગરની પળે પળની માહિતી આપવા માટે મીડિયા કર્મીઓ બહાર હતા. પરંતુ કયાંક એકલ દોકલ વ્યક્તિ જેવા મળતી હતી. પરંતુ આવી વ્યક્તિ પણ ના છુટકે અને ખૂબ અગત્યનું કામ હોવાના કારણે જ બહાર નીકળી હોય તેવું લાગતું હતું આજે

ગાંધીનગરના મુખ્ય બજારો કે જે રવિવારે સવારથી ચાલું થઈ જાય છે, તેવા શોપીંગ સેન્ટરની એક એક દુકાનના શટર પડેલા હતા.



માત્ર દવાની દુકાન ખુલ્લી જેવા મળતી હતી. જનતા કરફ્યુના કારણે સૂમસામ બનેલા માર્ગા પર કોઈ અન્છિનીય બનાવ ન બને તે માટે મોટા ભાગના સર્કલ પર પોલીસ કર્મીઓ ખેડપગે સેવા આપતા જોવા મળ્યા હતા. ગાંધીનગર સિવીલ હોસ્પિટલના ડાંકટરો અને અન્ય મેડિકલ સ્ટાફ સહિત ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મીઓએ પોતાની ફરજ પૂરી નિષ્ઠાથી અદા



કરતા માલૂમ પડયા હતા. જિલ્લાની કચેરીમાં પણ પોતાની ફરજને અદા કરવા અનેક કર્મચારીઓએ ઓફિસમાં ઉમદા ભાવથી અને ઉત્સાહપૂર્વક પોતાની ફરજ અદા કરી હતી.



















# વાહન-વ્યવહાર બંધ રહેતા શહેરમાં પ્રકૃતિ ખીલી ઉઠી

## જનતા કરફ્યુ દરમિયાન માર્ગો સુમસામ બનતા શહેરમાં પ્રાણીઓ-પક્ષીઓની અવરજવર વધી

ગાંધીનગર, તા.૨૨

કોરોનાના કહેરનો કારણે જનતા કરફ્યુની પ્રધાનમંત્રીની અપીલનો જબરજસ્ત પ્રતિસાદ સાંપડયો છે. શહેરમાં જનતા કરફ્યુ દરમિયાન વાહન વ્યવહાર સદંતર બંધ રહેતા શહેરમાં પ્રકૃતિ જાણે એકદમ ખીલી ઉઠી હતી. પશુ-પંખીઓની અવરજવર વધતા વગડામાં કે ખેતરમાં આપણે રહેતા હોઈએ તેવો અનુભવ થયો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જનતા કરફયુની જાહેરાત કરતા સવારથી જ શહેરમાં એકદમ સન્નાટો છવાઈ ગયો હતો. લોકોએ ઘરની બહાર નીકળવાના બદલે ઘરમાં જ પુરાઈ રહેવાનું પસંદ કર્યું હતું. લોકો ઘરમાં જ બંધ રહેતા શહેરના માર્ગો એકદમ સુમસામ થઈ જતાં વાહનોની અવરજવરનો અવાજ સાવ બંધ થઈ ગયો હતો. સન્નાટા વચ્ચે શહેરમાં પ્રકૃતિ ખીલી ઉઠી હતી. વહેલી સવારે જાતભાતના પંખીઓનો અવાજ સંભળાયો હતો. ખાસ કરીને શહેરની નજીકના ગ્રામ્ય વિસ્તારો અને સે-૧, ૨, ૭, ૮, ૧૦, ૨૦, ૨૨માં પશુ પંખીઓ નિર્ભિક રીતે વિહરતા જોવા મળ્યાં હતા. દરરોજ કરતાં તેમની સંખ્યા વધી ગઈ હતી. મોર, પોપટ, મેના, કાગડા સહિતના પંખીઓ મોટા પ્રમાણમાં જોવા મળ્યા હતા તો નીલગાય, વાંદરાઓના મોટા ઝુંડ પણ ઘણા સ્થળોએ જોવા મળ્યા હતા. કરફયુએ પ્રકૃતિને ખીલવા જાણે મોકળું મેદાન આપ્યું હતું. વળી પ્રદૂષણ વિના શહેરની હવા પણ એકદમ ચોખ્ખી જણાતી હતી.